| ક્રીમીનલ કેસ નં. | ૫૫૮૯/૨૦૨૫ |
|---|---|

GJBK020096802025

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૫/૦૪/૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | ૦૫/૦૪/૨૦૨૫ | | |
| નિર્ણય તારીખ | ૨૧/૦૪/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૦ | ૧૬ |

---

**પાલનપુરના મે. છઠ્ઠા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. પાલનપુર.**

| **ક્રીમીનલ કેસ નં.** | **૫૫૮૯/૨૦૨૫** |
|---|---|

**આંક –**

---

**ફરિયાદી** :– **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** :– **જસપ્રીતસિંઘ ગુરૂચરણસિંઘ સિંઘ**
ઉ.વ. ૩૩, ધંધો–ડ્રાઈવીંગ,
રહે. મ. નં.૧૩૭૬/૧ સેકટર–૭૦
એસ.એ.એસ.નગર મોહાલી,
તા.જી. મોહાલી (પંજાબ)

**ગુનો :– બી.એન.એસ. કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ...**

ફરિયાદપક્ષ તરફે :– વિદ્વાન એ.પી.પી.શ્રી એસ.એમ.જોષી

આરોપીપક્ષ તરફે :– વિદ્વાન વકીલશ્રી જી.જી.ચૌધરી

## –: ચુ કા દો :–

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના દોઢેક વાગ્યાના સુમારે ફરીયાદી પોતાની બે દીકરીઓને લઇ તેમના પિયર કાણોદર જવા નિકળેલી હતી અને ત્રણેક વાગ્યાના સુમારે કાણોદર સ્વાદ હોટલ

આગળ ઉતરેલ અને રોડ ક્રોસ કરતી વખતે કાણોદર ગામ તરફ જતા હતા તે વખતે અમદાવાદ બાજુથી એક ટ્રક નં.પીબી.૬૫–વી.૪૯૩૫ નો ચાલક પોતાનું ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીની દીકરી આયુષીને ટકકર મારી અકસ્માત કરેલ અને અકસ્માતમાં ફરીયાદીની દીકરી આયુષીને માથાના ભાગે તેમજ જમણા પગે તેમજ શરીરી ઓછી વધતી ઈજાઓ કરી નાસી જઇ, ગુનો કરેલો. જે બનાવ અંગે આ કામના ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં તેમની ફરીયાદ નોંધાવતા તે ફરીયાદ રજીસ્ટરે લઇ આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો દાખલ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ઉપરોકત ગુનાની ફરીયાદના સંદર્ભમાં ચાર્જશીટ રજુ થતાં કોગ્નીઝન્સ લઇ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૨૭ અન્વયે આરોપી સામે સમન્સ ઇસ્યુ કરવામાં આવતા આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતા આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયા હતા. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ અન્વયે આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરવામાં આવેલ છે. ત્યારબાદ ગુના અંગેની સજાની જોગવાઇઓ ધ્યાને લેતા હાલનો કેસ વોરંટ ટ્રાયેબલ હોઇ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૩(૧) અન્વયે આરોપી સામે આંક–૩ થી તહોમતનામુ ફરમાવી તે તહોમતનામુ આરોપીને વાંચી સંભળાવી, સમજાવી અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૬૩(૨)અન્વયે આરોપીનું આંક–૪ મુજબ નિવેદન લેતાં આરોપીએ ગુનો કર્યાનો ઇન્કાર કરી અને પોતે કેસ આગળ ચલાવવા માંગતા હોય, હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી વોરંટ ટ્રાયેબલ તરીકે શરૂ કરીને પુરાવો નોંધવામાં આવેલ છે.

| ક્રીમીનલ કેસ નં. | ૫૫૮૯/૨૦૨૫ |
|---|---|

(૩) હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**-: મૌખિક પુરાવા :-**

| અ.નં. | આંક. | વિગત |
|---|---|---|
| (૧) | ૦૬ | ફરીયાદી-આશાબેન રાજુજી રાઠોડની જુબાની |
| (૨) | ૦૮ | સાહેદ-રાજુજી મલાજી રાઠોડની જુબાની. |

**-: દસ્તાવેજી પુરાવા :-**

| અ.નં. | આંક. | વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | ફરીયાદ. |
| (૨) | ૦૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| (૩) | ૧૦ | મેડીકલ સર્ટીફીકેટ. |
| (૪) | ૧૧ | મેડીકલ સર્ટીફીકેટ. |

(૪) ત્યારબાદ ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે આંક-૧૨ થી કલોઝીંગ પુરસીસ આપી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયો હોવાનું જાહેર કરેલ છે અને આ સિવાય ફરીયાદ પક્ષ તરફે અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા તેમણે ફરીયાદપક્ષના તમામ આક્ષેપોનો ઇન્કાર કરેલો છે તેમજ પોતે જુબાની આપવા માંગતા ન હોવાનું તથા બચાવપક્ષના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે તેમના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) હાલના કેસમાં આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્યના તહોમત અંગે ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. નામદાર સર્વોચ્ચ અદાલતનાં Rabindrakumar Dey V/s. State of

Orissa Reported in A.I.R. 1977 SC Page No.170 ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ “Three cardinal Principles of Criminal Jurisprudence are well settled namely:

1. That the onus lies affirmatively on the prosecution to prove his case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defense version while proving its case;

2. That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

3. That the onus of the prosecution never shifts.

(૬) આમ ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો રહે છે. આ કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ અન્વયેનું ગુનાહિત કૃત્ય સાબિત કરવા માટે આરોપીએ પોતાના કબજાનું વાહન માનવ જીવન જોખમમાં મુકાય અથવા હાની કે વ્યથા થવાનો સંભવ હોય તે રીતે સરીયામ રસ્તા ઉપર ચલાવ્યા હોવાની તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૫(એ) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૫(બી) અન્વયેનું ગુનાહિત કૃત્ય પુરવાર કરવા માટે આરોપીએ મનુષ્યની જીંદગી કે શારીરિક સલામતી જોખમમાં મુકાય તે રીતે બેફામપણે અથવા તો તેણે કરેલા બેદરકારી પુર્વકના કૃત્યના કારણે વ્યથા તથા મહાવ્યથા કરેલી હોવાની તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૪ અન્વયેનું ગુનાહિત કૃત્ય સાબિત કરવા માટે આરોપીએ કોઈ જાહેર જગ્યામાં કોઈ અધિનિયમ કે તે હેઠળ અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ ઠરાવેલ ઝડપ કરતા ઓછી ઝડપે અથવા તો ઠરાવેલ વધુ ઝડપ કરતા વધુ ઝડપે વાહન ચલાવેલ હોવાની હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે.

(૭) હાલના કેસમાં ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ, હકીકતો, તથા પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં કેસનો ન્યાયીક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

**મુદ્દા નં. ૧ –** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના દોઢેક વાગ્યાના સુમારે ફરીયાદી પોતાની બે દીકરીઓને લઈ તેમના પિયર કાણોદર જવા નિકળેલી હતી અને ત્રણેક વાગ્યાના સુમારે કાણોદર સ્વાદ હોટલ આગળ ઉતરેલ અને રોડ ક્રોસ કરતી વખતે કાણોદર ગામ તરફ જતા હતા તે વખતે અમદાવાદ બાજુથી એક ટ્રક નં.પીબી.૬૫-વી.૪૯૩૫ નો ચાલક પોતાનું ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીની દીકરી આયુષીને ટકકર મારી અકસ્માત કરેલ અને અકસ્માતમાં ફરીયાદીની દીકરી આયુષીને માથાના ભાગે તેમજ જમણા પગે તેમજ શરીરી ઓછી વધતી ઈજાઓ કરી નાસી જઈ, ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાન પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં. ૨ –** શું હુ ક મ ?

(૮) ઉપરોકત નિર્ણીત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ – નકારમાં.

મુદ્દા નં. ૨ – આખરી હુકમ મુજબ.

## <u>-: કા ર ણો :-</u>

<u>મુદ્દા નં. ૧ અને ૨ :-</u>

(૮.૧) ઉપરોકત મુદ્દા સંબંધિત ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલાં પુરાવાના મુલ્યાંકન શબ્દની અસરકારક કાનુની છણાવટ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની ત્રીજી આવૃતિના પાના નં. ૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની દ્વારા કરવામાં આવેલ છે અને અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોય જે નીચે મુજબ ટાંકેલ છે :

> ''પુરાવાનું મુલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઇ પણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે, પુરાવાનું મુલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મુલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ-૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબિત તથા નાસાબિત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઇ હકીકતનું અસ્તિત્વ કે અનઅસ્તિત્વ સાબિત માનવું તે મુલ્યાંકનનો ભાગ છે''.

(૮.૨) આમ, પુરાવાના મુલ્યાંકન સંબંધિત કાનુની જોગવાઇ લક્ષમાં લેતા આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબિત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરીયાદપક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો

સાબિત કરે નાસાબિત થયેલાની પ્રક્રિયા એ પુરાવાનું મુલ્યાંકનનો ભાગ છે.

(૮.૩) ફરીયાદ પક્ષે આંક–૬ થી ફરીયાદી–આશાબેન રાજુજી રાઠોડની સોગંદ પર જુબાની લેવામાં આવેલ છે. સદરહુ ફરીયાદી પોતાની સોગંદ પરની જુબાનીમાં એવું જણાવે છે કે, તેઓ મુડેઠા ગામે રહે છે અને ઘરકામ કરે છે, તેઓને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે, આજથી એક વર્ષ પહેલાં બપોરના દોઢ વાગ્યે તેઓ તેમની બે દીકરી લઈ કાણોદર પીયરમાં જવા નીકળેલી અને ત્રણ વાગ્યે સ્વાદ હોટલ આગળ ઉતરેલ અને રોડ ક્રોસ કરતી વખતે કાણોદર ગામ બાજુ જતા અમદાવાદ બાજુથી એક ટ્રક આવેલો અને તે ટ્રક તેઓની દીકરી આયુશીને પાડી જતા તેને માથાના ભાગે વાગેલુ અને આ વખતે ઘણાબધા માણસો ભેગા થઈ ગયેલા. ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતાં તેઓની બંને દીકરીઓ સાથે સીવીલ હોસ્પીટલ પાલનપુર લઈ ગયેલા જયાં આયુશીને સારવાર કરાવેલી. ટ્રકનો નંબર હાલ યાદ નથી અને તેના ડ્રાઈવર કોણ હતા તે પણ બનાવ વખતે જોયેલ નહી. અકસ્માત બાબતની ફરીયાદ પો.સ્ટે.માં આપેલી. જે ફરીયાદમાં સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક–૭ થી રજુ છે.

આમ, સદરહુ ફરીયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા પરવાનગી માગતાં સદરહુ ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમાં ફરીયાદપક્ષની હકીકતનો ઈન્કાર કરેલ છે અને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

સદરહુ ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ કઈ તારીખે બનેલો તેની ખબર નથી,

અકસ્માત કરનાર કયુ વાહન હતુ તે જોયેલુ નહી, ફરીયાદ તેઓના પિતાએ લખાવેલી, બનાવ બનતાં ત્યાં ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલા અને રોડ ઉપર ઘણા વાહનોની અવર જવર હતી, બનાવવાળી જગ્યાએ પુલનું કામ ચાલુ હોય સર્વિસ રોડ તુટેલો હતો.

આમ, સદરહુ ફરીયાદપક્ષે પોતાની ફરિયાદના સમર્થનમાં કોઈ જ અસરકારક હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૮.૪) ફરીયાદ પક્ષે આંક-૮ થી સાહેદ – રાજુજી મલાજી રાઠોડની સોગંદ પર જુબાની લેવામાં આવેલ છે. સદરહુ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં એવું જણાવે છે કે, તેઓ મુડેઠા ગામે રહે છે અને કડીયાકામ અને ખેતી કરે છે, તેઓને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે, આજથી એક વર્ષ પહેલાં તેઓ ઘરે હાજર હતા ત્યારે તેઓની પત્ની આશાબેનનો ફોન આવેલો અને જણાવેલ કે ''બપોરના દોઢ વાગ્યે હું મારી બે દીકરી લઈ કાણોદર પીયરમાં જવા નિકળેલી અને ત્રણ વાગ્યે સ્વાદ હોટલ આગળ ઉતરેલ અને રોડ ક્રોસ કરતી વખતે કાણોદર ગામ બાજુ જતા અમદાવાદ બાજુથી એક ટ્રક આવેલો અને તે ટ્રક આપણી દીકરી આયુશીને અડી જતા તેને માથાના ભાગે વાગેલુ અને આ વખતે ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલા. ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા હું બંને દીકરીઓ સાથે સીવીલ હોસ્પીટલ પાલનપુર લઈ ગયેલ'' તેવી હકીકત જણાવેલી. જેથી તેઓ તાત્કાલીક સીવીલમાં આવેલ અને જોયેલ તો આયુશીની સારવાર ચાલુ હતી અને તેને વધુ સારવાર માટે ડો. અંજુમ હસનના દવાખાને સારવાર માટે લઈ ગયેલ. ટ્રકનો નંબર હાલ યાદ નથી અને તેના ડ્રાઈવર કોણ હતા તે પણ જાણેલુ નહી. અકસ્માત બાબતની ફરીયાદ તેઓની પત્નીએ પોલીસ સ્ટેશનમાં આપેલી. પોલીસે નિવેદન લીધેલુ.

આમ, સદરહુ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી એ તેમને ફરી ગયેલ સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરવા પરવાનગી માગતાં સદરહુ સાહેદે પોતાની ઉલટ તપાસમાં ફરીયાદપક્ષની હકીકતનો ઈન્કાર કરેલ છે અને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

આ સાહેદની બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ નજરે જોયેલ નથી તેમજ તેઓની રૂબરૂ આરોપીની કોઇ ઓળખપરેડ કરાવેલ નથી.

આમ, સદરહુ ફરીયાદપક્ષે પોતાની ફરિયાદના સમર્થનમાં કોઈ જ અસરકારક હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૯) આ કામે રજુ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાની ચર્ચા કરીએ તો આંક-૦૭થી ફરીયાદ રજુ થયેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ૧૯૯૪(૨) એસ.સી.સી.પાના નં-૪૬૭ ઉપર પ્રકાશીત થયેલ ભેરૂસીંગ વિરૂધ્ધ સ્ટેટઓફ રાજસ્થાનના કેસમાં ઠરાવેલ છે તે પ્રમાણે ફરીયાદ એ સબસ્ટેનસીવ પીસ ઓફ એવીડન્સ નથી તેનો ઉપયોગ ફકત તે નોંધાવનારની જુબાનીને સમર્થન કરવામાં કે કોન્ટ્રાડીકટ કરવામાં જ થઇ શકે છે. આમ આ ફરીયાદ પણ ફરીયાદપક્ષને ખાસ મદદરૂપ થતી નથી. આ કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ આંક-૯ થી રજુ રાખેલ છે જે બચાવપક્ષે કબુલ મંજુર રાખેલ છે તેના કોઇ પંચોને તપાસેલ નથી. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે આંક-૧૦, ૧૧ થી મેડીકલ સર્ટીફીકેટો રજુ રાખવામાં આવેલ છે અને જે બચાવપક્ષે પણ કબુલ મંજુર રાખેલ છે પરંતુ સદર દસ્તાવેજ અંગે પણ ફરીયાદ પક્ષે કોઇ સાહેદોને

તપાસેલ ન હોય જેથી સદર મેડીકલ સર્ટીફીકેટોને વંચાણે લેવામાં આવે તો પણ ઈજા પામનાર સાહેદને ઈજા થયેલાની હકીકત જણાઈ આવે છે પરંતુ સદર ઈજા આ કામના આરોપીએ પહોંચાડેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ નથી. જેથી સદર દસ્તાવેજ પરથી આ કામન આરોપીએ સાહેદને ઈજા પહોંચાડેલ હોય તેવું સાબિત થયેલ માની શકાય નહી.

(૧૦) આમ રકર્ડ પર રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી અને મૌખિક પુરાવાનું તુલનાત્મક મુલ્યાંકન અને વિશ્લેષણ કરતાં આ કામે ભોગ બનનારની જુબાનીથી આરોપી વિરૂધ્ધનું કોઈ ગુનાહિત કૃત્ય પુરવાર થતુ નથી. આમ, ઉપર કરેલી ચર્ચા મુજબ આરોપીએ તેમની ઉપર આક્ષેપિત ગુનાહિત કૃત્ય કર્યાની હકીકત પુરવાર થયાનું માની લેવું અતિશયોકિતભર્યુ તેમજ કાયદાની વિરૂધ્ધનું તેમજ ભારતીય પુરાવા અધિનિયમના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનું ગણાશે તેવું હું નમ્રપણે માનુ છું. આમ રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ મુદ્દા નં. ૧ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ સંબંધે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-: હુ ક મ :-**

- આ કામના આરોપી **જસપ્રીતસિંઘ ગુરૂચરણસિંઘ સિંધ,** ઉ.વ. ૩૩, ધંધો-ડ્રાઈવીંગ, રહે. મ. નં.૧૩૭૬/૧ સેકટર-૭૦ એસ.એ. એસ. નગર મોહાલી, તા.જી. મોહાલી (પંજાબ)નાંઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૭૧ (૧) અન્વયે તેઓની સામેના આક્ષેપિત બી.એન.એસ. કલમ-૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,

| ક્રીમીનલ કેસ નં. | ૫૫૮૯/૨૦૨૫ |
|---|---|

૧૮૪, ૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી **નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો** હુકમ કરવામાં આવે છે.

- હાલના આરોપીએ અગાઉ આપેલ જામીન ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ અન્વયે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

- આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

મુ. પાલનપુર.
તા. ૨૧/૦૪/૨૦૨૬

**(અમીત રમેશચન્દ્ર ત્રિવેદી)**
છઠ્ઠા એડીશનલ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
પાલનપુર, બનાસકાંઠા.
જજ કોડ નં. જીજે.૦૧૩૬૬